INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી　　　　　　　　　　　　　　　　તા. ૧૮-૦૯-૨૦૨૬

- **અમદાવાદને ઉત્સવોની નહીં સુરક્ષિત શહેરની જરૂર છે:ડૉ.મનીષ દોશી**
- **અમદાવાદીઓને આશ્વાસનની નહીં જવાબદારી અને પારદર્શિતાની જરૂર છે.**
- **૧૪ ગેટ ખોલી ૨૬૦૦૦ ક્યુસેક પાણી રાતે જ ઓછું કરી લેવલ ઘટાડી શકાયું હોત તો સવારે ભારે વરસાદના કારણે શહેરીજનો બાનમાં ન આવત:ડૉ.મનીષ દોશી**
- **વરસાદ કુદરતી છે પરંતુ વરસાદને આપત્તિમાં ફેરવતી વહીવટી બેદરકારીને "કુદરતી આફત" કહીને છુપાવી શકાય નહીં:ડૉ.મનીષ દોશી**

વરસાદ કુદરતી છે પરંતુ વરસાદને આપત્તિમાં ફેરવતી વહીવટી બેદરકારીને "કુદરતી આફત" કહીને છુપાવી શકાય નહીં. અમદાવાદમાં થોડા વરસાદમાં થયેલી તારાજી પર ભાજપના સતાધીશો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ચાપલૂસી કરવામાં અધિકારીઓ ભૂતકાળમાંથી બોધપાઠ ન લઈ જેમ નર્મદા ડેમમાંથી પાણી છોડી ભરુચ અંકલેશ્વરના ગામો ડુબાડયા હતા તે જ પ્રકારે અમદાવાદમાંથી પસાર થતી સાબરમતી નદી બે કાંઠે છલોછલ બતાવવા વાસણા બંધના તમામ દરવાજા બંધ કરી ૧૩૬.૫૦ નું લેવલ કરી અમદાવાદ શહેરને ડુબાડ્યું એક બાજુ પાણીની અછત હોવા છતાં નર્મદા કેનાલ માંથી સાબરમતી નદીમાં સાહેબની વર્ષગાંઠ માટે સ્પેશિયલ પાણી છોડી નદી ભરવામાં આવી . એક બાજુ મ્યુનિસિપલ કોર્પોરેશન ભારે વરસાદ હોય ત્યારે નદીનું લેવલ ૧૨૯ ફૂટ થી વધારવું નહીં તેવું કહે છે જ્યારે ગઈકાલે સાહેબના વર્ષગાંઠ નિમિત્તે વરસાદની આગાહી હોવા છતાં ૧૩૬.૫૦ સુધી ભરવામાં આવી ગઈ કાલે વર્ષગાંઠ તો પતી ગઈ તો એ પાણી કે જેની હાલ ખેતીમાં જરૂરિયાત ન હોય અને ભારે વરસાદની આગાહી હોવા છતાં આ સંગ્રહ કરેલ પાણી નદીમાં જ છોડવાનું હતું તો ધીમે ધીમે એ પાણી રાત્રે જ ખાલી કરી શકયા હોત પરંતુ અધિકારીઓની અણાવદત ને કારણે ગઈકાલ રાત્રે અને આજે સવારે વધુ વરસાદ પડતા અમદાવાદ શહેરને જળબંબાકાર કર્યું વાસણા બેરેજમાંથી એક સામટું પાણી છોડી પાછળના ગામો અને મેળામાં પણ નુકસાન થાય તે પરિસ્થિતિ ઉભી કરી આમાં માનવસર્જિત આફત ઊભી કરી અમદાવાદમાં આજે ભારે વરસાદ બાદ સર્જાયેલી જળબંબાકારની સ્થિતિએ એક અત્યંત ગંભીર પ્રશ્ન ઊભો કર્યો છે વરસાદ કુદરતી હતો, પરંતુ પૂર વ્યવસ્થાપનમાં થયેલી બેદરકારી માનવસર્જિત આપત્તિમાં તો ફેરવાઈ નથી ને? સાબરમતીમાં પાણી વધતું રહ્યું, ૧૪ ગેટ એકસાથે ખોલાયા અમદાવાદીઓને પૂર્વ ચેતવણી કેમ નહીં? શું આ કુદરતી વરસાદની આડમાં માનવસર્જિત આપત્તિનું પુનરાવર્તન છે?

૧૮ સપ્ટેમ્બરે સવારે માત્ર ચાર કલાકમાં ભારે વરસાદ વચ્ચે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયું અને જાહેર પરિવહન પણ ખોરવાયું. આ સ્થિતિમાં સૌથી ગંભીર બાબત સાબરમતી–વાસણા બેરેજના પાણીના સંચાલન અંગે છે. વિવિધ અહેવાલો અનુસાર પાણીની આવક વધ્યા બાદ વાસણા બેરેજના ૧૪ દરવાજા ખોલવામાં આવ્યા અને આશરે ૨૬,૦૦૦ ક્યુસેક પાણી ડિસ્ચાર્જ કરવામાં આવી રહ્યું હતું. સાથે જ બેરેજનું પાણીનું સ્તર ૧૨૯ ફૂટ સુધી લાવવાની કામગીરી ચાલી રહી હતી. જ્યારે સાબરમતીનું પાણીનું સ્તર સતત વધી રહ્યું હતું, ત્યારે ગેટ ખોલવાનો નિર્ણય કયા સમયે લેવામાં આવ્યો?, ૧૪ ગેટ ખોલવાનો નિર્ણય એકસાથે કેમ લેવાયો? શું ગેટ તબક્કાવાર અને આગોતરી રીતે ખોલી શકાય તેમ નહોતું ?, નીચાણવાળા વિસ્તારોમાં રહેતા હજારો પરિવારોને ગેટ ખોલતા પહેલાં પૂરતી SMS, જાહેર જાહેરાત, સાયરન અથવા અન્ય માધ્યમથી ચેતવણી આપવામાં આવી હતી કે નહીં?, જો ચેતવણી આપવામાં આવી હતી તો કયા વિસ્તારોમાં, કયા સમયે અને કયા માધ્યમથી આપવામાં આવી તેનો સંપૂર્ણ રેકોર્ડ જાહેર કરવામાં આવે., IMDની વરસાદ અને ગાજવીજ અંગેની આગાહી ઉપલબ્ધ હોવા છતાં કોર્પોરેશન અને સંબંધિત જળસત્તાવાળાઓ વચ્ચે અગાઉથી ફ્લડ મેનેજમેન્ટ આયોજન કેમ ન થયું? નદીનું જળસ્તર, ઉપરવાસની આવક, વરસાદની આગાહી અને શહેરની ડ્રેનેજ ક્ષમતાને ધ્યાનમાં રાખીને કોઈ પૂર્વ-નિર્ધારિત ગેટ ઓપરેશન પ્રોટોકોલ અમલમાં મૂકાયો હતો કે નહીં? જનતા જવાબ માગે છે.

"દિવા ઉત્સવ" અને નદી વ્યવસ્થાપન અંગે પણ સ્પષ્ટતા જરૂરી છે. જો કોઈ સરકારી/જાહેર કાર્યક્રમને કારણે નદીના જળસ્તર અથવા ગેટ ઓપરેશન અંગે કોઈ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હોય, તો તેનો સમયવાર નિર્ણય રેકોર્ડ અને જવાબદાર અધિકારીઓના નામ સાથે જાહેર કરવામાં આવે. નાગરિકોની સુરક્ષા કરતાં કોઈપણ કાર્યક્રમ, આયોજન કે ઉજવણી ઉપર ન હોઈ શકે. આ પહેલી ઘટના નથી

ગુજરાતમાં અગાઉ પણ મોટા પૂર અને જળવ્યવસ્થાપન અંગે ડેમ ઓપરેશન, પાણી છોડવાની સમયસર પ્રક્રિયા અને વહીવટી સંકલન અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ૨૦૧૬ માં નર્મદા અંગેના જાહેર રેકોર્ડમાં પાણીના ડિસ્ચાર્જ અને ડાઉનસ્ટ્રીમ મેનેજમેન્ટ અંગે વહીવટી નિર્ણયો તથા ગંભીર પાણી વ્યવસ્થાપન પડકારો નોંધાયા હતા.નર્મદા અંગેના વધુ તાજેતરના પૂર-પ્રકરણમાં સેન્ટર વોટર કમિશન/નર્મદા કંટ્રોલ ઓથોરિટીના રેકોર્ડને આધારે ડાઉન  સ્ટ્રીમ વિસ્તારોમાં ભારે પાણી છોડાવાની પરિસ્થિતિ અને ગુજરાતના ફ્લડ ગેટ ઓપરેશન અંગે ગંભીર ચર્ચા થઈ હતી.

વડોદરાની વિશ્વામિત્રી નદીના પૂરનો અનુભવ પણ ગુજરાત માટે ચેતવણીરૂપ છે દરેક વખત વરસાદને જ જવાબદાર ગણવાથી વહીવટી જવાબદારીનો પ્રશ્ન સમાપ્ત થતો નથી. ગુજરાત કોંગ્રેસ માંગ કરે છે કે અમદાવાદમાં આજની જળબંબાકારની ઘટનાની સમયબદ્ધ અને સ્વતંત્ર ટેકનિકલ તપાસ કરવામાં આવે અને નીચેની વિગતો જાહેર કરવામાં આવે:

છેલ્લા ૨૪ કલાકનું સાબરમતી/વાસણા બેરેજનું કલાકવાર જળસ્તર, ઉપરવાસમાંથી આવેલી કલાકવાર પાણીની આવક, ૧૪ ગેટ કયા સમયે અને કયા ક્રમમાં ખોલવામાં આવ્યા?, દરેક ગેટ કેટલા ફૂટ ખોલવામાં આવ્યો, પાણી છોડવાનો કુલ ક્યુસેક ડિસ્ચાર્જ અને સમયવાર રેકોર્ડ, ગેટ ખોલતા પહેલાં અને પછી કરવામાં આવેલી પૂર ચેતવણીની વિગતો, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, ઈરીગેશન ડિપાર્ટમેન્ટ અને અન્ય સંબંધિત એજન્સીઓ વચ્ચે થયેલા સંપર્ક - સંવાદ  લોગ, ફ્લડ મેનેજમેન્ટ, ગેટ ઓપરેશન મેન્યુઅલ મુજબ લેવાયેલા નિર્ણયો, જો કોઈ નિર્ણય મેન્યુઅલ અથવા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસેજરથી અલગ હતો તો તે માટે જવાબદાર અધિકારી કોણ? આ માત્ર પાણી ભરાવાની ઘટના નથી આ અમદાવાદની જનસુરક્ષાનો પ્રશ્ન છે.

દર વર્ષે ચોમાસા પહેલાં પ્રિ-મોન્સૂન કામગીરી, ડ્રેનેજ સફાઈ અને પૂર નિયંત્રણના દાવા કરવામાં આવે છે. પરંતુ વરસાદ પડે ત્યારે જો રસ્તાઓ, અંડરપાસ અને રહેણાંક વિસ્તારો પાણીમાં ગરકાવ થાય અને નદીના ગેટ અંગે પણ સમયસર નિર્ણય તથા ચેતવણી અંગે પ્રશ્નો ઊભા થાય, તો જવાબદારી નક્કી થવી જ જોઈએ.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવકતા